**MAS-001-001628** Seat No. ________

# B. A. (Sem. VI) (CBCS) Examination

**March / April - 2018**

## Gujarati : Paper - 22

***(Gujarati Sarjan Lekhan Kaushal - 6)***

***(Core - 6) (New Course)***

**Faculty Code : 001**

**Subject Code : 001628**

Time : $2\frac{1}{2}$ Hours] [Total Marks : **70**

**સૂચના** : (૧) આ પ્રશ્નપત્રમાં પાંચ પ્રશ્નો છે.

(૨) દરેક પ્રશ્નના ગુણ સરખા છે.

૧ નીચે આપેલ કાવ્યનું રસદર્શન કરો. **૧૪**

બોલીએ ના કંઈ

આપણું હૃદય ખોલીએ ના કંઈ, વેણને રે'વું ચૂપ;
નેણ ભરીને જોઈ લે વીરા !
વહેણના પાણી ઝીલનારું તે સાગર છે વા કૂપ.
વન-વેરાને મારગ વિજન,
સીમ જપાં સૂની ગૂંજતી કેવળ આપણું ગાયું ગાન;
ગામને આરે હોય બહુજન
લખનો મેળો મળિયો રે ત્યાં કોણ ને કોની તાન
માનમાં જવું એકલવીરા !
તારલિયો અંધાર કે ઓઢી રણનો દારૂણ ધૂપ.

આપણી વ્યથા

અવરને મન રસની કથા, ઈતરના કંઈ તથા,
જીરવી એને જાણીએ વીરા !
પ્રાણમાં જલન હોય ને તોયે ધારીએ શીતલ રૂપ.

- રાજેન્દ્ર શાહ

**અથવા**

૧ નીચે આપેલ કાવ્યનો આસ્વાદ કરાવો : ૧૪

સમી સાંજનો ઢોલ ઢબૂક્તો, જાન ઊઘલતી મહાલે;
કેસરિયાળો સાફો, ઘરનું ફળિયું લઈને ચાલે.
પાદર બેસી ફફડી ઊઠતી, ઘરચોળાની ભાત;
ડૂસકે ડૂસકે હડસેલાતી, બાળપણાની વાત.
પૈડું સીંચતા રસ્તો આખો, કોલાહલમાં ખૂંપે;
શૈશવની ચીતરેલી શેરી, સૂનકારમાં ડૂબે.
જાન વળાવી પાછો ફરતો, દિવડો થર થર કંપે;
ખડકી પાસે ઊભો રહીને આજવાળાને ઝંખે.
સમી સાંજરો ઢોલ ઢબૂકતો, જાન ઊઘલતી મહાલે;
કેસરીયાળો સાફો, ઘરનું ફળિયું લઈને ચાલે.

**- અનિલ જોશી**

૨ મધ્યકાલીન સાહિત્યનાં સંશોધન, સંપાદનમાં આવતી મુશ્કેલીઓની ચર્ચા કરો. ૧૪

**અથવા**

૨ મધ્યકાલીન સાહિત્યના સંશોધન-સંપાદકમાં કઈ વિશેષ યોગ્યતા વર્તમાન સમયમાં જરૂરી છે ? ચર્ચો. ૧૪

૩ જોડણી એટલે શું ? વિગતે સમજાવો. ૧૪

**અથવા**

૩ ગુજરાતી ભાષામાં જોડણીભેદથી થતા ગુજરાતી શબ્દોના અર્થભેદ સાતેક ઉદાહરણ આપી સમજાવો. ૧૪

૪ ગુજરાતી ભાષામાં સર્જનાત્મક લેખન એટલે શું ? સર્જનાત્મક લેખનમાં કઈ બાબતો ધ્યાનમાં લેવી જરૂરી છે ? ૧૪

**અથવા**

૪ તમારી કોલેજમાં યોજાયેલ એન.એસ.એસ.કેમ્પનો અહેવાલ સર્જનાત્મક ભાષામાં લખો. ૧૪

૫ કોઈ પણ **બે**ના જવાબ આપો : ૧૪

(૧) ગુજરાતી લેખનમાં સ્વર સંધિ સમજાવો.
(૨) ગુજરાતી લેખનમાં વ્યંજન સંધિ સમજાવો.
(૩) ગુજરાતી લેખનમાં વિસર્ગ સંધિ સમજાવો.
(૪) ગુજરાતી લેખનમાં સંધિ એટલે શું ? ઉદારણ સહિત સમજાવો.